
# લેકાવાડાની સરકારી લાયબ્રેરીને પાંચ વર્ષથી સરપંચના પતિએ તાળાબંધી કરી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરનાં લેકાવાડા ગામમાં સરકારની ગ્રાન્ટમાંથી રૂપિયા પાંચ લાખના ખર્ચે બનેલી લાઈબ્રેરીને છેલ્લા પાંચ મહિનાથી સરપંચના પતિએ તાળાબંધી કરી દેતાં ગામમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ગામના બેરોજગાર યુવાનો લાચારીની સ્થિતિમાં મુકાઈ જવા પામ્યાં છે. આટલું ઓછું હોય તેમ સરપંચના પતિ જિલ્લા કલેક્ટર પાસેથી પોતે ગ્રાન્ટ લઈ આવ્યા હોવાની ફોનમાં શેખી મારતાં હોવાની ઓડિયો ક્લિપ અને પંચાયતના કાર્યાલયમાં સરપંચની ખુરશી પર તેઓ બેસીને વહીવટ ચલાવતા હોવાનો વીડિઓ પણ વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે.

મહિલા સશક્તિકરણની ગુલબાંગો વચ્ચે રાજકરણમાં હવે મહિલા બેઠક ઉપર રાજકીય નેતાઓ પોતાની પત્નીનું નામ આગળ ધરી અને તેના નામે ચૂંટણી જીત્યા પછી પત્નીને દેખાડા પુરતો હોદ્દો આપી પોતે જ બધો વહીવટ કરે કે સ્થિતિ સામાન્ય બનતી જાય છે. ગાંધીનગરનાં લેકાવાડા ગામમાં આ જ પ્રકારની સ્થિતિમાં મહિલા સરપંચના પતિ પત્નીના બદલે પોતે જ સરપંચની ખુરશીમાં બેસી વહીવટ ચલાવી રહ્યા હોવાનો વિડીયો વાઈરલ થયો છે. એટલું ઓછું હોય તેમ આ મહાશય ફોનમાં ગામની લાયબ્રેરી માટે કલેક્ટર પાસેથી પોતે ગ્રાન્ટ લઈ આવ્યા હોવાની શેખી મારતા હોવાનો ઓડિયો પણ વાયરલ થવા પામ્યો છે. આ મહાશયે છેલ્લા પાંચ વર્ષથી ગામની લાઈબ્રેરીને તાળાબંધીમાં રાખી યુવાનોને લાયબ્રેરીની સુવિધાથી વંચિત રાખ્યા છે. આ બાબતે અવારનવાર ગામના યુવાનોએ રજૂઆત કરી હોવા છતાં સરપંચના પતિ ટસનાં મસ થતાં નથી. વળી, સરપંચના પતિ નવ નિર્મિત લાઈબ્રેરીનો અન્ય કાર્યક્રમોમાં ઉપયોગ કરવાનું જણાવી રહ્યાં છે.

લેકાવાડા ગામમાં આશરે સિત્તેરથી વધુ યુવાનો કોઈને કોઈ પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે. પરંતુ ગામમાં બનેલી લાઈબ્રેરી ધૂળ ખાઈને બિન ઉપયોગી બનીને પડી રહી છે. આ બાબતે ગામના યુવાનોએ જિલ્લા આયોજન તંત્રમાં પણ રજૂઆત કરી હોવા છતાં સરપંચ પારસબેન વાઘેલાના પતિ અમરસિંહ લાઈબ્રેરીમાં લાઈટ ફિટીંગનું કામ બાકી હોવાનો જવાબ આપી રહ્યા છે. બીજી તરફ આરટીઆઈમાં ખુલાસો થયો છે કે, લાઈબ્રેરીનું સંપૂર્ણ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.



સે-૬ માં હરાજીના પ્લોટમાં કોર્મશિયલ બિલ્ડીંગના પ્લાસ્ટરનુ કામ કરવા માટે ઉભા કરાયેલા લોખંડની પાઈપ સાથેનો માચડો સવારના સમયે અચાનક જ કડડભુસ થતા દોડધામ મચી જવા પામી હતી. જો કે આ ઘટનામાં સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. પરંતુ નજીકના મકાનને નુકશાન થવા પામ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. લોખંડની પાઈપો પણ ટપોટપ નીચે પડતા સ્થાનિકોમાં પણ ગભરાણ પ્રવર્તી હતી. ઘટનાના પગલે બિલ્ડર પણ સ્થળ પર પહોંચી ગયા હતા.

# પતિની હત્યા કરવાના કેસમાં પ્રેમી પંખીડાને આજીવન કેદની સજા

**પતિએ છુટાછેડા આપવાની તેમજ ધર્મ અંગિકાર કરવાની ના પાડતા : પત્નીએ પ્રેમી સાથે મળી હત્યા કરી : બોરીજના યુવાને આઠ વર્ષ અગાઉ મુસ્લિમ જ્ઞાતિની યુવતિ સાથે લગ્ન કર્યા હતા : સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે આરોપીઓને સખત સજા કરવા કોર્ટ સમક્ષ ધારદાર દલીલો કરી**

ગાંધીનગર તા ૮

છુટાછેડા આપવા સહીત ધર્મ અંગિકાર કરવાની ના પાડતા પતિને પત્ની તેમજ તેના પ્રેમીએ ભેગા મળી મોતને ઘાટ ઉતારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બન્ને આરોપીઓને આજીવન કેદની સજા કરવાનો આદેશ કર્યો છે. બોરીજના યુવાને આઠ વર્ષ અગાઉ મુસ્લિમ જ્ઞાતિની યુવતિ સાથે લગ્ન કર્યા હતા.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર નજીકના બોરીજ ગામમાં રહેતા વિપુલ કનુભાઈ પંડયાએ આઠ વર્ષ અગાઉ મુસ્લિમ જ્ઞાતિની તન્નુ ઉર્ફે અસ્મા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જયારે આ લગ્નજીવન દરમિયાન બે દીકરીઓ કશીશ અને મન્નતનો જન્મ થયો હતો. તેઓ બોરીજ ગામમાં માફાજી મકવાણાના મકાનમાં ભાડેથી રહેતા હતા. આ દરમિયાન તન્નુ ઉર્ફે તન્નુ તેણીના દુરના મામાના દિકરા સમીર સાથે સંપર્કમાં આવી હતી. એકબીજાના નજીકમાં આવ્યા હતા તેઓ એકબીજા સાથે ગાઢ પ્રેમસબંધ બંધાયો હતો. આ અંગે તેણીના પતિ વિપુલને જાણ થઈ હતી. તન્નુ ઉર્ફે અસ્મા પર શંકા પડી હતી તેમજ વિપુલભાઈએ તેણીને ટોર્ચર કરવાનુ શરૂ કર્યુ હતુ. તન્નુ ઉર્ફે અસ્મા અને સમીર એકબીજા સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગયા હતા. જેથી તન્નુ ઉર્ફે અસ્માએ વિપુલ સાથે છુટાછેડા લઈ ધર્મઅંગિકાર કરવા પ્રસ્તાવ મુકયો હતો જો કે આ પ્રસ્તાવને વિપુલે ફગાવી દીધો હતો. જેના લીધે વિપુલ આ બન્ને પ્રેમીઓ માટે નડતરરૂપ બન્યો હતો તન્નુએ તેમજ તેના મામાના દિકરો સમીરને જાનથી મારી નાંખવાનો ઈરાદો ધરાવતા હતા. તા ૧૮ એપ્રિલ વર્ષ ૨૦૧૮ ની રાત્રે તન્નુએ સમીરને ફોન કરી અમદાવાદથી બોલાવ્યો હતો. જયારે સમીર પલ્સર બાઈક લઈ બોરીજ પાસે આવી તા ૧૯ એપ્રિલના રોજ રાત્રિના ૩ કલાકે મકાનમાં ઘુસી ગાઢ નિંદ્રમાં રહેલા વિપુલને તન્નુ સાથે મળી દુપટ્ટા વડે ગળે ટુંપો આપીને જાનથી મારી નાંખ્યો હતો. ત્યારબાદ વિપુલના મૃતદેહને કારમાં રાખીને આરોપી તન્નુએ પાઈલોટીંગ કરી લાશ સાથે કારને સરદાર પટેલ રીંગ રોડ પર કરાઈ તરફ જતા માર્ગ પર બ્રાઈટ સ્કુલન નજીક વિપુલનો મૃતદેહ કાર સાથે જોડી દઈ બન્ને આરોપીઓ બોરીજ પરત આવ્યા હતા અને પુરાવાનો નાશ કર્યો હતો. આ કેસ સંદર્ભે સે- ૭ પોલીસ મથકે મરણજનાર વિપુલના ભાઈ ફરિયાદી કૌશિકકુમાર કનુભાઈ પંડયાએ ફરિયાદ નોંધાવી હતી. જયારે આ કેસની તપાસ પોલીસ ઈન્સ્પેકટર કે કે પંડયાએ કરી હતી. આ કેસ ગાંધીનગરની થર્ડ એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે એક સુતેલા વ્યકિતની નિર્મમ હત્યા કરી માત્ર બીજા લગ્ન કરવા અને મરણજનારે ધર્મ અંગિકાર નહી કરતા આવુ જધન્ય કૃત્ય કર્યુ છે. જયારે બન્ને માસુમ દિકરીઓને પણ અનાથ કરી છે. સમાજમાં આ પ્રકારના ગુન્હા બનતા અટકે તે માટે આરોપીને સખત સજા કરવા માટે પણ કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ. જે દલીલોને ધ્યાને લઈ જજ એસ એન સોલંકીએ આરોપીને આજીવન કેદની સજા તેમજ રૂ ૧૦હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.



## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં વડીલોને નાસ્તાનું વિતરણ

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં પ્રવિણભાઈ ચાવડાની પુણ્યતિથિ નિમિત્તે ઉમિત ફાઉન્ડેશન ટ્રસ્ટ અને ભાવિકાબેન અલ્પેશભાઈ ચાવડા દ્વારા નાસ્તાનું વિતરણ કરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે હેતલ ગુર્જર, ધીરજ મહેશ્વરી, વર્ષાબેન ચૌહાણ તથા રક્ષા પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષકોને ૮ કલાક ડ્યુટીનો પરિપત્ર આખરે રદ્દ કરાયો

**ગુજરાત સરકારનો યૂ-ટર્ન : પ્રાથમિક શિક્ષકોના સમયમાં ફેરફાર કરાતા પાટણના ધારાસભ્યએ પણ વિરોધ કરતા સરકારે ફેરવી તોળ્યું**

ગાંધીનગર,તા.૮

રાજ્યમાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણને લઈ શિક્ષકોના વિરોધનો મુદ્દો હજુ શાંત થયો નથી ત્યાં હવે ૬ની જગ્યાએ ૮ કલાકનો મુદ્દો વિવાદનું કેન્દ્ર બન્યો છે. ફરી એકવાર શિક્ષકો આંદોલનના માર્ગે હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. અને હવે શિક્ષકોના આ વિરોધમાં પાટણના ધારાસભ્યએ પણ જંપલાવ્યું છે. અને ધારાસભ્ય કિરીટ પટેલએ શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમાને પત્ર લખી શિક્ષકો નો સમયમાં ઘટાડો કરવા માંગ કરી છે નહિ તો શિક્ષકો સાથે રહી આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. પાટણના ધારાસભ્યએ પત્રમાં લખ્યું વર્ષોથી શિક્ષકો માટે વર્ષોથી નિર્ધારિત કરેલો સમય એકાએક વધારી દેવાનું કારણ મને સમજાતું નથી. રાજ્યના અન્ય સરકારી ઓફીસના કર્મચારીઓનો સમય ૧૧.૦૦થી ૫.૦૦ હોય ત્યારે શિક્ષકોનો સમય ૯.૩૦થી ૫.૩૦ અને સવારની સ્કૂલના શિક્ષકોનો સમય ૭.૩૦થી ૩.૩૦ કરેલ છે. જોકે, સરકારે આ મામલે યૂ-ટર્ન લીધો છે. શિક્ષણમંત્રીએ આ મામલે જણાવ્યું છે કે શિક્ષકોએ હવે ૬ કલાક જ કામ કરવાનું રહેશે. અગાઉ આ મામલે પાટણના ધારાસભ્ય મેદાને આવ્યા હતા. ધારાસભ્યે શિક્ષણ મંત્રીને સવાલ પૂછ્યા છે કે જે શાળાઓમાં બે પાળી ચાલતી હોય તે શાળામાં શિક્ષણ કાર્ય કઈ રીતે થશે તે પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે, ઉપરોક્ત બાબત ગંભીરતાથી લઈ અને શિક્ષકોનો સમય પુનઃ અગાઉ હતો એ પ્રમાણે કરવા વિનંતી છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ના છુટકે શિક્ષકોને સાથે રાખીને આંદોલન કરવાની ફરજ પડશે. રાજ્યના પ્રાથમિક શિક્ષકોનો ૬ કલાકનો સમય બદલી ૮ કલાકનો શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવ્યો છે. સમય વધારા અંગે શિક્ષકોમાં તો વિરોધ જોવા મળ્યો જ છે. રાજ્ય શૈક્ષીક મહાસંઘએ તો અને અમદાવાદ સ્કૂલબોર્ડ શિક્ષક યુનિયનએ તો આ મામલે વિરોધ નોંધાવ્યો જ છે. સાથે હવે આ વિરોધ રાજકીય રંગ પકડી રહ્યો છે. શિક્ષકઓ ના આ વિરોધને પાટણના ધારાસભ્યએ પણ સમર્થન આપ્યું છે. ધારાસભ્ય કિરીટ પટેલએ શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમાને પત્ર લખી શિક્ષકો નો સમય માં ઘટાડો કરવા માંગ કરી છે જો આમ કરવામાં નહિ આવે તો શિક્ષકોને સાથે રાખી આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના પ્રચાર મંત્રી રાકેશભાઈ ઠાકરએ જણાવ્યું કે ગાંધીનગરમાં રાજ્યની શિક્ષિકા બહેનો મોટી સંખ્યામાં સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને પ્રાથમિક શાળાના સમય બાબતે ૮ કલાકની જગ્યાએ એ પૂર્વવત ૬ કલાક યથાવત સમય રાખવા માટે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદનપત્ર આપવામાં આવ્યુ.

## રાંધેજા, ગૂજરાત વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય અને ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા તથા આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ (૮મી સપ્ટેમ્બર)ની ઉજવણી અંતર્ગત નાણાંકીય સાક્ષરતા એ જાતીય સમાનતા વિષય પર વેબિનાર યોજાયો હતો. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો. રાજેન્દ્રભાઈ ખીમાણીએ શિક્ષણની સાક્ષરતામાં સંવેદનાની સાક્ષરતા પણ અવશ્ય રાખવી પડશે, પ્રકૃતિની સાક્ષરતાનો વિચાર કરવો વર્તમાન સમયની માંગ છે તેમ જણાવ્યુ હતુ. કુલ સચિવ ડૉ. નિખિલભાઈ ભટ્ટે માહિતીની સાક્ષરતા રાખવા અને છેતરાવાથી સાવધાન રહેવા જણાવ્યું હતું. મુખ્ય વક્તા મિહિર મહેતા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે નાણાંકીય સાક્ષરતાની વિવિધ વાતો સાથે સાથે જાતિય સમાનતા કેવી રીતે રાખવી તથા દરેકને સમાન તક મળવી જરૂરી છે. ખાલી બોલવાથી સમાનતા આવતી નથી પણ તેનો અમલ કરવો ખૂબ જ જરૂરી છે. બાળકોને સાંભળો અને તેમને પણ કાંઈક કહેવાનો અવસર આપવો ખૂબ જરૂરી છે. કેવી રીતે ઘરનું બજેટ બનાવવું અને બાળકોને તેમની જવાબદારી સંભાળતા કરવા તેની ઉદાહરણ સહિત માહિતી આપી હતી.

# પાલનપુર માર્કેટયાર્ડ ચૂંટણી : એક પણ ફોર્મ રદ થયું નહી

પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં ગતરોજ માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન અને માજી ચેરમેનની પેનલે ઉમેદવારી પત્રો ભર્યા હતા. પાલનપુર માર્કેટયાર્ડની ૧૬ સીટ પર ૮૭ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જોકે, આજે ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન એકપણ ફોર્મ રદ થયું નથી. ત્યારે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તિથિ ૧૦મી સપ્ટેમ્બરે ચિત્ર સ્પષ્ટ થશે. પાલનપુર માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન ફતાભાઈ ધરીયા અને માજી ચેરમેન સોમાભાઈ પટેલની પેનલ વચ્ચે ચૂંટણી જંગ નિશ્ચિત બન્યો છે. ગતરોજ ૧૬ બેઠકો પર ૮૭ ઉમેદવારીપત્રો રજૂ થયા હતા. દરમિયાન આજે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં એક પણ ઉમેદવારીપત્ર રદ થયું ન હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## ખેલૈયાઓ માટે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહોત્સવનો રંગ ફીક્કો પડી ગયો હતો. ત્યારે બીજી લહેરના અંતે હાલ કોરોનાનુ સંક્રમણ કાબુમાં છે ત્યારે આગામી મહીનામાં શકિતની ભકિતના આ પર્વની ઉજવણી થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે. જો કે આજની કેબિનેટ બેઠક બાદ સરકારે આ મામલે ગરબા મહોત્સવનુ નાના પાયે આયોજન કરવાની છુટછાટ અપાય તેવા સંકેતો આપ્યા છે. ગણશોત્સવ અને નવરાત્રિમાં ડી જે મ્યુઝિક બેંડ વગાડવાની છુટછાટ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત રાજયમાં ધાર્મિક , સામાજિક પ્રસંગોમાં ડી જે બેંડ વાજા વગડાવાની મંજુરી આપવામાં આવતા નગરજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે. જેના લીધે ગણેશોત્સવમાં પણ ડી જે અને મ્યુઝિક બેંડના કલાકારોને નડતુ વિધ્ન દુર થયુ છે. આ મામલે કલાકારોએ પણ સરકાર સમક્ષ રજુઆત કરી હતી. જયારે આ માટે મંજુરી માંગવામાં આવશે તો કોવિડની એસ ઓ પી મુજબ વ્યકિતઓની મર્યાદા જળવાઈ રહે તેમ ડી જે વગાડી શકાશે. જો કે મોટાપાયે નવરાત્રિ મહોત્સવને છુટછાટ આપવામાં આવશે નહી પરંતુ નવરાત્રિને અનુલક્ષી શેરી ગરબાના આયોજન માટે છુટછાટ આપવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે. મર્યાદિત સંખ્યામાં શેરી ગરબાની છુટછાટ અપાશે. જયરે પાર્ટી પ્લોટ , જાહેર મેદાન કે કલબમાં ગરબા માટે છુટછાટ આપવામાં આવશે નહી. ડી જે બેન્ડવાજા અને ગાયકો મર્યાદિત સંખ્યામાં પરફોર્મ કરી શકશે. જયારે ગણેશોત્સવને અનુલક્ષીને પણ કોવિડની ગાઈડલાઈન મુજબ આયોજન કરી શકાશે તેમ પણ સ્પષ્ટ થયુ છે.

## રોગચાળો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેલેરિયાના દર્દીઓની સંખ્યા વધી જવા પામી છે. ખાનગી હોસ્પિટલોમાં પણ વાહકજન્ય રોગચાળાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. સિવિલમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયાના ટેસ્ટોની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. શહેરમાં છેલ્લા છોડા દિવસથી આ ઉછાળો વધુ જોવા મળી રહ્યો છે. ડેન્ગ્યુની સાથે સાથે ચિકનગુનિયાના કેસો પણ વધી રહ્યા છે. તંત્ર દ્વારા શહેરમાં રોજના ૨૦૦ થી વધુ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી રહી છે. મેલેરિયાના કેસો પણ નોંધાઈ રહ્યા છે. આ ઉપરાંત વાઈરલ ફિવરના જે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે તંત્રના સૂત્રો દાવો કરી રહ્યા છે કે શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. હાલ સઘન સર્વેલન્સની સાથે સાથે પોરાનાશક કામગીરી તેમજ શંકાસ્પદ તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે.

## લાગણીનો મેળો...

● પાના ૪થાનું ચાલુ...

ક્ષમા-માફી બક્ષવી એ એક આદર્શ છે; પરમાર્થ છે. આપણે જો સ્વસ્થચિત્તે વિચારીએ તો સ્પષ્ટ સમજાશે કે માફ કરવામાં, ભૂલી જવામાં, જતું કરવામાં, અરે, નુકશાન વેઠીને પણ અન્યના દોષ પરત્વે આંખ મિચામણાં કરવાથી ઘણી બધી ગૂંચો ઊકલી જતી હોય છે, જીવન મહાસંગ્રામ બની જતું અટકે છે. પ્રતિવર્ષ પર્યુષણ નિમિત્તે ક્ષમાવૃત્તિના પોષણ અને સંવર્ધન માટે હૈયાના અતલ ઊંડાણમાંથી ઔદાર્યની સરવાણી વહી નીકળે એ માટેની તક 'સંવત્સરી' પૂરી પાડે છે... પર્યુષણનો સાદ જૈન અને જૈનેતર સૌ કોઈ ઝીલી લે તો કેવું ?!!

॥ ૐ ગં ગણપતયે નમઃ ॥ ● મિચ્છામી દુક્કડમ્ ●

સ્પર્શમણિ : સંબંધનું નામ કોઈ પણ હોય પરંતુ તેની સાર્થકતા ત્યારે જ છે કે જયારે તેનાથી આપણને શાંતિ અને આનંદ મળે..!!!

● ● ●

સોનુ ભલે ને 'સો ટચ'નું કહેવાય પણ એનાથી ઘરેણું નથી બનતું... થોડું ભળવું પડે છે બીજામાં, ખુદને આકાર આપવા...

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

## ટેકાના ભાવમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે, તેનાથી ખેડૂતોની આવક બમણી કરવા તરફ મહત્વનું પગલું ભરવામાં આવશે. સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે કૃષિ કાયદાઓના મુદ્દે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. ખેડૂતો લગભગ ૧૦ મહિના કરતા વધારે સમયથી દિલ્હીની વિવિધ સરહદોને ઘેરી ચૂક્યા છે અને તેમનો વિરોધ નોંધાવી રહ્યા છે. તે જ સમયે, હવે ફરી એક વખત ખેડૂતોનું આંદોલન ઉગ્ર બન્યું છે. બુધવારે, જ્યારે કેન્દ્રીય કેબિનેટે રવિ પાકના એમએસપી વધારવાનો નિર્ણય કર્યો, ત્યારે હરિયાણાના કરનાલમાં ખેડૂતો અને સ્થાનિક વહીવટીતંત્ર સામસામે છે. ખેડૂત સંગઠનો અહીં લાઠીચાર્જનો વિરોધ કરી રહ્યા છે.

## દરેકને વળતર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી રેલીઓ, કુંભ મેળા જેવા આયોજનો કરવામાં આવ્યા હતા. સરકારે ન માત્ર સારી સારવાર માટે જરૂરી મેનેજમેન્ટ ન કર્યું, પરંતુ પોતાની બેદરકારીથી કોરોનાને નિમંત્રણ આપ્યું હતું. દરેક મોતને સરકારી અને મેડિકલ બેદરકારીની જેમ જોવા જોઈએ. કેસ આજે જસ્ટિસ ડી વાઈ ચંદ્રચૂડ, વિક્રમ નાથ અને હિમા કોહલીની બેંચમાં આવ્યો હતો. જજોએ દરેક મૃત્યુને મેડિકલ બેદરકારી માનવાનો ઈનકાર કરી દીધો હતો.

# ધાનેરામાં તોફાની વરસાદે વિનાશ વેર્યો : ધાનેરામાં અંધારપટ છવાયો

**કેટલીક જગ્યા પર વૃક્ષો ધરાશાયી, તો કેટલીક જગ્યા પર વીજ પોલ પોલીસ સ્ટેશનમાં રહેલું ટાવર તેમજ પોલીસ સ્ટેશનમાં પણ વૃક્ષ ધરાશાયી થતા વાહનોને નુકસાન : વિદ્યુત બોર્ડના એસ એલ વાણિયા અને તેમની ટીમ દ્વારા રાત્રિના ત્રણ વાગ્યા સુધી ભારે જહેમત બાદ વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો**

ધાનેરામાં વરસાદ અને ભારે પવનને લઈને ભારે નુકસાન થવાપામ્યું છે તો કેટલીક જગ્યા પર વૃક્ષો ધરાશાયી થયા છે તો કેટલીક મહેનત કરી રાત્રિના સમયે વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો.

છેલ્લા સાત દિવસથી બનાસકાંઠા જિલ્લાના ધાનેરા રહી છે ત્યારે ગઈકાલે સાંજના સમયે અચાનક ભારે પવન સાથે વરસાદ તૂટી પડયો હતો અને આ ભારે પવન ને લઈ ધાનેરામાં પણ ને લઈ સમગ્ર ધાનેરા શહેરમાં વીજળી ગુલ થઈ જવા પામી હતી અને સમગ્ર શહેરમાં અંધારપટ છવાઈ જવા પામ્યો ત્યારે ધાનેરા લાઈન તૂટી જવા પામી હતી તે પણ આજે વહેલી સવારથી જ રિપેરિંગ કામ શરૂ કરી દેવામાં આવ્યુંછે વિદ્યુત બોર્ડ ના એન્જીનીયર એસ એલ






જગ્યા પર વીજ પોલ તૂટી જવા પામ્યા છે પોલીસ સ્ટેશનમાં રહેલું ટાવર તેમજ પોલીસ સ્ટેશનમાં પણ વૃક્ષ ધરાશાયી થતા વાહનોને નુકસાન થવા પામ્યું છે અને વિજળી પણ ગુલ થઈ જતાં સમગ્ર શહેરમાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો ત્યારે બીજું વિદ્યુત બોર્ડના કર્મચારીઓ દ્વારા મોડી રાત સુધી સહિત કેટલાક વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે સરહદી વિસ્તાર એવા બનાસકાંઠા જિલ્લામાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા હતા પરંતુ છેલ્લા સાત દિવસમાં વરસી રહેલા વરસાદને કારણે ખેડૂતો અને લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે સાથે સાથે વાતાવરણમાં પણ ઠંડક જોવા મળી મોટું નુકસાન થવા પામ્યું હતું કેટલી જગ્યા પર વૃક્ષો ધરાશાયી થવા પામ્યા હતા તો કેટલી જગ્યા પર વિજ પોલ પણ ધરાશાયી થયા હતા ત્યારે ધાનેરા પોલીસ મથકમાં આવેલ ટાવર તેમ જ એક વૃક્ષ ધરાશાયી થતા પોલીસ મથકના પડેલા વાહનોને પણ નુકસાન થવા પામ્યું ભારે વરસાદ અને તોફાન વિદ્યુત બોર્ડના એસ એલ વાણિયા અને તેમની ટીમ દ્વારા રાત્રિના ત્રણ વાગ્યા સુધી ભારે જહેમત બાદ વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો જેથી કરીને લોકોએ મુશ્કેલી સાથે રાત વીતાવી ન પડે મોડી રાત સુધી મહેનત કરી ધાનેરાના શહેરી વિસ્તારમાં વીજપુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો હતો પણ કેટલીક જગ્યાએ વીજ વાણિયા એ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વરસાદ અને ભારે પવન ને લઈ વીજપોલ તેમજ વીજ લાઈન તૂટી જવા પામી હતી અને અમારી ટીમ કાલથી અત્યાર સુધી કાર્યરત છે અને ટૂંક સમયમાં બધું જ સમારકામ પૂર્ણ કરી વીજપુરવઠો તાત્કાલિક ધોરણે ચાલુ થાય તેવા અમારા પ્રયત્નો ચાલુ છે.

## ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હક્કાની ગૃહમંત્રી, અબ્દુલ હકીમને ન્યાય મંત્રી, અબ્બાસ સ્તાનિકઝઈને નાયબ વિદેશ મંત્રી બનાવાયા છે. ખૈરઉલ્લાહ ખેરખાંને સૂચના મંત્રીપદ સોંપાયું છે.તાલિબાનના સમર્થનમાં પંજશીર પર પાકિસ્તાન એરફોર્સના ડ્રોન હુમલાના વિરોધમાં મંગળવારે મહિલાઓ સહિત સેંકડો અફઘાન દેખાવકારો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તેમણે 'પાકિસ્તાન મુર્દાબાદ'ના સૂત્રોચ્ચાર કરવાની સાથે અફઘાનિસ્તાનમાં 'સ્વતંત્રતા', 'અલ્લાહ અકબર' અને 'મહિલા અધિકારો'ના પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. જોકે, કાબુલના રસ્તાઓ પર પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચારથી ધૂંઆપૂંઆ થઈ ગયેલા તાલિબાનોએ રેલીને વેર-વીખેર કરવા માટે હવામાં ગોળીબાર કર્યો હતો. દરમિયાન આખરે નવી સરકાર રચવાના અવરોધો દૂર થયા છે અને મુલ્લા મોહમ્મદ હસન અખુંદને વડાપ્રધાન જાહેર કરાયા છે. અમેરિકાની અફઘાનિસ્તાનમાંથી વિદાય પહેલાં જ આખા અફઘાનિસ્તાન પર વીજળીક ગતિએ કબજો કરનારા તાલિબાનો એક પખવાડિયા કરતાં વધુ સમયથી પંજશીર પર કબજો કરવામાં નિષ્ફળ ગયા હતા. પંજશીર પર કબજો કરવા માટે આખરે તાલિબાને તેના 'આકા' પાકિસ્તાનની મદદ લેવી પડી હતી. પાકિસ્તાની એરફોર્સે પંજશીર પર ડ્રોન હુમલો કરતાં તેમજ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના વડાની કાબુલ મુલાકાતથી અફઘાન નાગરિકોમાં ભારે આક્રોશ ફેલાયેલો છે. તાલિબાને સોમવારે દાવો કર્યો હતો કે તેણે અફઘાનિસ્તાનમાં તેના નિયંત્રણ બહાર રહેલો છેલ્લો પંજશીર પ્રાંત પણ કબજે કરી લીધો છે. જોકે, તાલિબાનના દાવાને ફગાવતાં પંજશીરમાં તાલિબાનોના વિરોધમાં ઊભા થયેલા અહેમદ મસૂદે ઓડિયો સંદેશમાં લોહીના છેલ્લા ટીપા સુધી લડતા રહેવાની હાકલ કરી હતી.